ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૨/૨૩–૨૪/ 967 તારીખ : 26 MAY 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,

**શ્રી કનાડીયા નારણભાઈ વાલજીભાઈ,**
**જુનુ ગામ ચોકમાં,**
**મું. બેલમપર,**
**તા.મહુવા,**
**જી.ભાવનગર.**

કેસ નં.૧૨/૨૩–૨૪

**મો.નં–૯૩૧૬૦ ૩૯૫૦૨**

**વિષય : ખેતીવાડીનું નવું વિજ કનેકશન આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૮/૦૪/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૧/૦૫/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨/૨૩–૨૪/૮૬૬ તા.૦૫/૦૫/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨/૨૩–૨૪/૯૦૩ તા.૧૨/૦૫/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૯/૦૫/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

Ranthi

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨, **મહુવા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૨/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી કનાડીયા નારણભાઈ વાલજીભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૯/૦૫/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી કનાડીયા નારણભાઈ વાલજીભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**શ્રી જે.એચ.ચુડાસમા, જુનીયર ઈજનેર, પેટા વિભાગીય કચેરી, ગ્રામ્ય -૨ મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી કનાડીયા નારણભાઈ વાલજીભાઈ, મું.બેલમપર, તા.મહુવા, જી.ભાવનગરની ખેતીવાડીનું નવું વિજ કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૨/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨/૨૩–૨૪/૮૬૬ તા.૦૫/૦૫/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૯/૦૫/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી કનાડીયા નારણભાઈ વાલજીભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી જે.એચ.ચુડાસમા, **પેટા વિભાગીય કચેરી, ગ્રામ્ય -૨ મહુવા** ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાનું ગામ છાપરીમાં ચુણા રોડ ઉપર ખેતીવાડી ધરાવે છે.અરજદાર ની વીજ કચેરી મહુવા રૂરલ–૨ છે.

૧.૨ અરજદાર દ્વારા તેમની રજુઆતમાં જણાવ્યા મુજબ, તેઓએ ખેતીવાડીના વીજ કનેકશન માટે નોર્મલ વારા એસ. પી.એ સ્કીમમાં રૂા.૨૦૦/– તા.૧૦.૦૬.૨૦૧૬ પહોચ નં–૫૦૧૨૬૯ રજીસ્ટ્રેશન ચાર્જના નાણાં ભરેલ છે.ક્રમ વારા પ્રમાણે ખેતીવાડીનું વીજ કનેકશન મંજુર થવાથી મહુવા રૂરલ–૨ માંથી કર્મચારી મોજણી સર્વે કરવા આવેલ. ત્યારબાદ, કચેરીમાંથી રૂા.૭૮૫૩/– નું કવોટેશન આવેલ.જે તા.૦૮.૦૧.૨૦૧૯ પહોચ નં–૮૫૯૨૧૭–૧૮–૧૯– ૨૦–૨૧–૨૨ ટી.આર.સાથે ભરી આપેલ. ત્યારબાદ, ક્રમ મુજબ વારો આવવાથી

મહુવા રૂરલ–૨ ના કર્મચારી કોન્ટ્રાકટરના મજુરો,માણસો ખેતરાવ કાચો રફ કેડા ઉપર લાઈન પોલ લગાડવા આવેલ ત્યારે, નજીકની વાડીવાળા જળોધર ભવાનભાઈ રણછોડભાઈએ રસ્તામાં નડતર થઈ તે પ્રમાણે પોલ લગાડવામાં વાંધો પાડેલ. પોલ લગાડવાથી ટ્રેકટર–ગાડામાં માલ ભરેલા ચાલી શકે નહી. મજુરોને મહેનત કરવી નથી. હલન ચલનમાં તમામ ખેતીવાડી વાળાને મુશ્કેલી પડે તેમ છે. તો કોઈને નડતર ન થાય તે પ્રમાણે રસ્તાના ખેતીવાડીના શેઢા ઉપર લાઈન પોલ લગાડવા આજુબાજુ વાળાને સાથે રાખી કામ કરાવવા લાઈન પોલ લગાડવા નિયમ મુજબ કાર્યવાહી કરી લગાડવા હુકમ કરવા વિનંતી છે. અરજદારનું રહેણાંક ગામ–બેલમપરમાં છે. ખેતીવાડી ગામ છાપરીમાં છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ આપ સાહેબશ્રી ને જણાવવાનુ કે નારણભાઈ વાલભાઈ કનાડીયા દ્વારા ખેતીવાડીનું નવું વીજ કનેકશન આપવા બાબતની ફરિયાદ કરેલ હોય, જેના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે અરજદાર દ્વારા તા ૧૦.૦૬. ૨૦૧૬ ના રોજ નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ. ત્યારબાદ, તેમનો ક્રમાનુસાર વારો આવતા અરજદારની હાજરીમાં સ્થળ સર્વેક્ષણ કરી તા.૧૯.૦૯.૨૦૧૮ ના રોજ અંદાજપત્ર આપેલ. પરંતુ, અરજદારને સદર અંદાજપત્ર મળેલ ન હોઈ, અને અરજદાર દ્વારા તા.૨૦.૧૨.૨૦૧૮ ના રોજ અંદાજપત્ર મળેલ ન હોઈ, તેમની અરજીના અનુસંધાને તા.૦૩.૦૧.૨૦૧૯ ના રોજ ફરી અંદાજપત્ર કાઢી આપેલ. જે અરજદાર દ્વારા તા.૦૮.૦૧.૨૦૧૯ ના રોજ ભરપાઈ કરેલ.

૨.૨ સદર અંદાજપત્ર ભરપાઈ થયા બાદ અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરીના કોન્ટ્રાકટરના માણસો લાઈનકામ કરવા માટે ગયેલ એ દરમિયાન અરજદારના બાજુવાળા શેઢા પાડોશી (૧) મંગાભાઈ સામતભાઈ જળોધરા (૨) ભવાનભાઈ રણછોડભાઈ જળોધરા દ્વારા વાંધો પાડી લાઈન કામ અટકાવેલ. જેના અનુસંધાને મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરી દ્વારા પત્ર નં–MHV/R-2/1209 તા.૦૫/૦૩/૨૦૧૯ થી અરજદારને સદર વાંધો દૂર કરી કચેરીએ જાણ કરવા બાબતની નોટીસ આપેલ. તેમ છતાં, અરજદાર દ્વારા કોઈ પ્રતિસાદ ન મળતાં, તેમજ સ્થળ પરનો વાંધો દૂર ન થતાં, મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરી દ્વારા તા.૦૬/૦૭/૨૦૧૯ ના રોજ રોજકામ કરેલ તથા સદર બંને વાંધેદારને અનુક્રમે સંદર્ભ પત્ર નં– MHV/R-2/3870 તા.૧૧/૦૨/૨૦૧૯ તથા પત્ર નં–MHV/R-2/3871 તા.૧૧/૦૭/૨૦૧૯ થી વાંધા બાબતે યોગ્ય આધાર પુરાવા રજૂ કરવા નોટીસ પાઠવેલ. પરંતુ, ત્યારબાદ, પણ વાંધેદાર દ્વારા કોઈ પ્રતિસાદ ન મળતા મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરી દ્વારા ફરી કોન્ટ્રાકટરના માણસો લાઈનકામ કરવા માટે મોકલાવેલ. પરંતુ, ત્યારે અરજદાર દ્વારા પોતે વાંધો પાડેલ.

૨.૩ જેના અનુસંધાને સંદર્ભ પત્ર નં– MHV/R-2/4584 તા.૨૬/૦૮/૨૦૧૯ તથા પત્ર નં–MHV/R-2/5966 તા.૨૫/૧૧/૨૦૧૯ થી અરજદારને પોતાના દ્વારા પાડવામાં આવેલ વાંધાને દૂર કરવા જાણ કરેલ. પરંતુ, આજ દિન સુધી અરજદાર દ્વારા કોઈપણ પ્રકારનો પ્રતિસાદ આપેલ નથી કે અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરીનો સંપર્ક કરેલ નથી. અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ દ્વારા અરજદાર દ્વારા રજૂ કરવામાં આવેલ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

મોબાઈલ નં–૯૯૦૯૧ ૧૪૦૦૬ પર વારંવાર સદર વિજ જોડાણ સંદર્ભે ટેલીફોનીક સંપર્ક પણ કરેલ. પરંતુ, હંમેશા અરજદારનો સંપર્ક નંબર બંધ આવેલ. આમ, અરજદાર દ્વારા પોતે જ વાંધો પાડેલ હોઈ, અરજદારને વિજ જોડાણ આપવાની કામગીરી થઈ શકેલ નથી. જે આપ સાહેબની જાણ સારૂ.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી નારણભાઈ વાલજીભાઈ કનાડીયા, રહે.બેલમપર, તા.મહુવા દ્વારા નવું ખેતીવાડી વિજ કનેકશનની માંગણી કરતા, પ્રતિવાદીની કચેરી દ્વારા લાંબા સમય બાદ પણ ન આપવામાં આવતા, ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજીને ધ્યાને લઈ ફોરમ દ્વારા રૂબરૂ સુનાવણી આજરોજ તા.૧૯/૦૫/૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવતા, બંને પક્ષોએ હાજર રહી રજૂઆતો કરેલ છે.

૩.૩ રજૂ થયેલ રેકર્ડ, બંને પક્ષોની રજૂઆતોને ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, વાદી દ્વારા તેમના છાપરી ગામ ખાતેની જમીન પર નવું ખેતીવાડી વિજ કનેકશન મેળવવા માટે નોર્મલ વારા એસ.પી.એ.સ્કીમ હેઠળ તા.૧૦/૦૬/૨૦૧૬ ના રોજ જરૂરી ફી ભરી નોંધણી કરાવેલ. જેનો ક્રમાનુસાર વારો આવતાં, પ્રતિવાદી દ્વારા સર્વે કરીને આપવામાં આવેલ અંદાજપત્ર રૂા.૭૮૫૩/– તા.૦૮/૦૧/૨૦૧૯ ના રોજ ટી.આર.સાથે ભરી આપેલ.

૩.૪ ઉપરોક્ત કનેકશન માટે પ્રતિવાદીના કોન્ટ્રાકટરના માણસો લાઈનકામ કરવા જતા બાજુના શેઢા વાળા પાડોશી (૧) મંગાભાઈ સામતભાઈ જળોધરા (૨) ભરતભાઈ રણછોડભાઈ જળોધરા દ્વારા વાંધો પાડી કામ અટકાવેલ. જેને લઈને પ્રતિવાદી દ્વારા તા.૦૫/૦૩/૨૦૧૯ ના રોજ પત્ર નં–૧૨૦૯ થી અરજદારને વાંધો દૂર કરી આપવા બાબતની નોટીસ પાઠવેલ. ત્યારબાદ, પણ પ્રતિસાદ ન મળતાં, તા.૦૬/૦૭/૨૦૧૯ ના રોજ રોજકામ કરેલ તેમજ બંને વાંધો ઉઠાવનાર ને પણ તા.૧૧/૦૭/૨૦૧૯ ના રોજ લખી જરૂરી આધાર પુરાવા રજૂ કરવા જણાવેલ. પરંતુ, વાંધેદારોએ કોઈ પ્રત્યુતર ન આપતા, ફરીથી કોન્ટ્રાકટના માણસોને મોકલેલ. પરંતુ, આ સમયે વાદીએ જ વાંધો ઉઠાવી કામ થવા દીધેલ ન હતું.

૩.૫ ઉપરોક્ત બાબતોને ધ્યાને લેતાં, એવું તારણ છે કે પ્રતિવાદી ની કચેરી દ્વારા વાદીના નવા ખેતીવાડી વીજ જોડાણની લાઈન ઉભી કરવા માટે સમયાંતરે પ્રયત્નો કરવામાં આવેલ છે અને તે માટે પત્ર વ્યવહાર પણ થયેલ છે પરંતુ ખુદ વાદી દ્વારા તેમના વીજ જોડાણ બાબતે અંગત રસ લીધેલ ન હોઈ હકારાત્મક કાર્યવાહી થયેલ નથી.

વિશેષત : આ બાબતે ભાવપત્રકના નાણા ભર્યા બાદ આશરે ચાર વર્ષ ઉપરાંતનો સમય વ્યતીત થઈ ગયેલ હોવા છતાં લાઈન ઉભી કરવા માટે પોલીસ રક્ષણ માંગવા કે કલેકટરશ્રી ને રીફર કરવા કે નાંણા પરત કરવા જેવી કોઈ જરૂરી કાર્યવાહી નહિ કરીને સમાંબ્ધિત પેટા વિભાગીય અધિકારી દ્વારા અક્ષમ્ય વિલંબ કરેલ છે. જે પણ ખુબ જ ગંભીર બાબત છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૩.૬ આજરોજની રૂબરૂ સુનાવણીમાં પણ વાદી દ્વારા ફોરમને જણાવેલ છે કે, પ્રતિવાદીના કનેકશન લગાડવાના છેલ્લા પ્રયાસ સમયે તેમના પત્નિશ્રીનું દુ:ખદ અવસાન થયેલ હોઈ, તેઓ વાંધેદાર સાથે કોઈ વિવાદમાં ઉતરવાની સ્થિતિ માં ન હોઈ, લાઈનકામની કામગીરી અટકાવેલ હતી. પરંતુ, હવે તેઓ સ્વસ્થ છે અને નવું વિજ કનેકશન મેળવવા માંગે છે.

૩.૭ આથી, હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી પી.જી.વી.સી.એલ. દ્વારા વાદીના આ નવીન ખેતીવાડી વીજ જોડાણ બાબતે લાઈન ઉભી કરવાની કાયવાહી દિન-૧૫માં સંપૂર્ણ કરવી એ માટે જરૂરી હોય તો પોલીસ રક્ષણ માંગીને પણ આ વિલાબિત કેસનું કામ પૂર્ણ કરવું.

વધુમાં કાર્યપાલક ઈજનેર, મહુવા ને તેમના કાર્યશેત્રમાં આવા પડતર કેસો હોય તે તેની વિગતો મેળવી, તલસ્પર્શી અભ્યાસ કરીને દરેક કિસ્સામાં અંગત રસ લઇ નિકાલ કરવા પ્રયત્ન કરવાનો ફોરમ દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવે છે. જેથી આવા કેસોનું ફોરમમાં પુનરાવર્તન નિવારી શકાય.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન—૩, ત્રીજો માળ, બ્લોક નં—૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :— **૧૯/૦૫/૨૦૨૩.**